
# સ્વચ્છ દૂધ ઉત્પાદન માટે આટલું કરો

- પશુઓના આંચળ, બાવલુ, આજુબાજુનો તથા ઉપરના થાપાનો ભાગ સ્વચ્છ પાણીથી ધોવા જોઈએ, તેમજ શક્ય હોય તો પાણીમાં જંતુનાશક દવા ઉમેરવી પછી સ્વચ્છ કપડાંથી લુછી નાખવું.
- પશુ રહેઠાણ/મીલ્કીંગ શેડને દોહન પહેલાં ધોવું અને પાણીનો પુરેપુરો નિકાલ કરવો.
- પશુ આવાસ માખી, મચ્છર, વંદા વગેરેથી મુક્ત રહે તે માટે અવારનવાર દવાનો છંટકાવ કરવો.
- જે પશુઓ વારંવાર પૂંછડી હલાવતા હોય અથવા દોહતી વખતે અડચણ પેદા કરતાં હોય તો પૂંછડીને બાંધવાની ટેવ રાખવી.
- દોહનાર વ્યક્તિ હંમેશા તંદુરસ્ત અને સ્વચ્છ હોવી જોઈએ.



દૂધ દોહન ક્રિયા પહેલા હાથ સાબુથી ધોવા



- હાથ સાબુથી ધોવા, નખ કાપેલા અને માથાના વાળ ઢાંકેલા હોવા જોઈએ.
- દૂધ દોહન ક્રિયા હંમેશા ઝડપથી ૫ થી ૭ મીનીટમાં પૂર્ણ કરવી જોઈએ. દોહન ક્રિયા વખતે દૂધ સતત એકધારૂં ચાલુ રહેવું જોઈએ અને પુરેપુરૂ દોહી લેવું.



- દરેક આંચળમાંથી પ્રથમ બે ધારનું દૂધ અલગ કરવું.
- દૂધ જે વાસણમાં દોહવાનું હોય તે વાસણ સ્ટેઈનલેસ સ્ટીલનું ઢાંકણવાળું સ્વચ્છ હોવું જોઈએ.
- દૂધ દોહનની ક્રિયા પૂર્ણ થયા બાદ સૂકો/લીલો ઘાસચારો નિરવો.
- આંચળને દબાવીને દોહવા, ખેંચીને નહિ તથા મુઠ્ઠીમાં અંગુઠો અંદર વાળીને દોહવું નહિ.
- દૂધ દોહનની કામગીરી પૂર્ણ થયા પછી ફરી બાવલુ તથા આંચળ બરાબર સાફ કરવા અને આંચળને જીવાણુંનાશક (પોટેશિયમ પરમેંગેનેટના ૧%) દ્રાવણમાં બોળવા.
- બિમાર પશુઓને જુદાં રહેઠાણમાં બાંધવા અને છેલ્લે દોહવા, તેમજ બિમાર પશુઓનું દૂધ સ્વચ્છ દૂધ સાથે ભેગુ ન કરવું તથા વપરાશમાં લેવું નહિ.

ડૉ. એમ. બી. રાજપુત

KAMDHENU UNIVERSITY
सर्वभूतहिते रताः

-: પ્રકાશક :-
વિસ્તરણ શિક્ષણ નિયામક
કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન,
બ્લોક-૧, ૪થો માળ, વીંગ-બી૧, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

Capital Offset-Gandhinagar